ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

લડે એકલવીર, એ ગુજરાતનું ગૌરવ છે,
ચડે યુદ્ધ મેદાને એ ગુજરાતનું ગૌરવ છે.
નડે છે સાથી મિત્રો, એ ગુજરાતનું ગૌરવ છે,
ચાલે અંગાર પંથે એ, ગુજરાતનું ગૌરવ છે...
(બધાં વિપક્ષી સંગઠનનો સામનો)

હાઈકુ

રહ્યા છે મૌન,
બની રહ્યાં સંઘના -
મૂક-સેવક...
(ભાગવતનું અશાંતિ પર્વ)

કઠપૂતળાં,
દોરી ખેંચાય એમ -
કરે છે યુદ્ધ
(હવે ગડકરીની દોરી)

### ચિંતન

ઉત્પત્તિ પ્રલયઞ્ચૈવ ભૂતાનામાગતિં ગતિમ્ ।
વેત્તિ વદ્યામવિદ્યાં ચ સ વાચ્યો, ભગવાનિતિ ॥

ઉપરોક્ત શ્લોક વિષ્ણુ પુરાણમાંથી લેવામાં આવેલ છે.

જે જીવોનાં ઉત્પત્તિ, નાશ, આગમન, ગમન, વિદ્યા અને અવિદ્યાને જાણે છે તે 'ભગવાન' છે. ઐશ્વર્યા સાથે જેમણે અવતાર લીધો છે તે 'ભગવાન છે.'

ઈશ્વર વિશ્વનું સંચાલન કરે છે.

દરેક જીવને તેના જન્મોજન્મના કર્મ પ્રમાણે તેને ભોગવવા - ફળ પ્રાપ્ત કરવા 'યોગ્ય' જગ્યાએ જન્મ આપવાનું 'કોમ્પ્યુટર' જેવું સંચાલન ગોઠવી તેનું જન્મ-મરણ કરેલા - કેવી રીતે 'શ્વાસ' લેવા એ પણ નિશ્ચિત કરી 'જિંદગી' જીવન ભોગવવાની પ્રત્યેક ક્ષણની ગણતરી 'ભગવાન' જાતે જ કરે છે તેથી જ તે 'ભગવાન' છે.

### સુવિચાર

- સફર એ જિંદગીમેં જબ કોઈ મુશ્કિલ મકામ આયા,
  ન ગૈરોંને તવજ્જો દી, ના અપના કોઈ કામ આયા - **અલ્તાફ પટેલ**
- જે સમજે છે તેને બધા સમજાવે છે,
  બાકી જે ના જ સમજે એની સાથે બધા એડજેસ્ટ થઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મનમેળ દિલથી થવો જોઈએ સાહેબ, પછી ભલે લગ્ન વડીલો કરાવે કે વકીલ - **બોધિવૃક્ષ**
- સુખ હોય પણ સાંતિ ન હોય તો સમજી લેવું કે,
  ભૂલથી સગવડને સુખ સમજી બેઠા છીએ - **શાહબુદ્દિન રાઠોડ**
- ખાલી સુગંધ પહેરીને ફુલ ના થવાય, સમય આવ્યે ખરવાની પણ તાકાત જોઈએ - **સુરેશ દલાલ**
- પહેરી મહોરું ધરમનું, કરે દિવસભર પાપ..., ભંડારા કરતા ફરે ને ઘરે જ ભૂખ્યા મા-બાપ - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : રોજ સેકેલા મોળા ચણા દસ નંગ, કિસમીસ વીસ નંગ, રોજ સવારે ખૂબ ચાવી ચાવીને ખાવાથી બહેનોને કમર દર્દ, તથા સામાન્ય શરીરનો દુખાવો કાયમ માટે મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક હાઈકોર્ટના જજને એક મહત્ત્વનો ચૂકાદો આપવાનો સમય આવ્યો. એમાં એક પક્ષ મોટો ધનવાન માણસ હતો. એણે જજને ખાનગીમાં મળવા પ્રયત્નો કર્યા. જજને કલબમાં પૈસાની બેગ ભરી ચૂકાદો પોતાની તરફેણમાં કરવા લાંચ આપવાનો પ્રયત્ન કર્યો. જજે બેગ જોઈ અતિ ધૃણા ભરી નજર કરી ગુસ્સામાં કહ્યું, 'આ તારી ગંદકી અહીંથી ઊઠાવી લે અને અહીંથી જતો રહે નહીંતર જેલમાં જઈશ.' ધનવાને કહ્યું, 'આવડી મોટી રકમ તમને જિંદગીમાં ઓફર કરનાર મારા જેવો માણસ નહીં મળે. તમને પછી પસ્તાવો થશે.' જજે જવાબ આપતા કહ્યું, તમારા જેવા મને ઘણા મળશે, પણ મારા જેવા 'ના કહેનાર તમને કોઈ નહીં મળે. અફસોસ તો મને ત્યારે થાત જયારે તારી આ ગંદકી મેં મારા મોઢામાં પધરાવી હોત. ચાલ ઊભો થા અને અહીંથી જતો રહે. આ ન્યાયધીશ એટલે અંબાલાલ સારાભાઈ દેસાઈ.'

# ભાજપ માટે 'ખામોશ'નો બુલંદ સ્વર

**તંત્રીસ્થાનેથી...**

શૉટગન શત્રુઘ્ન સિન્હાની આત્મકથા એમના આગવા અંદાજ સાથે પ્રકાશિત થઈ રહી છે. ત્યારે એમણે એક નીવડેલા બોલીવુડ સ્ટારથી શરૂ કરી સ્થાપિત રાષ્ટ્રીય નેતૃત્વ સાથે દૂંટીની વાત કરવાનું કૌવત કેળવ્યું છે. તેની વિશેષ નોંધ લેવી જ રહી. બિહારની પટના સાહિબ બેઠક પર વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી શત્રુઘ્ન સિન્હાને રિપીટ કરવા નહોતા માગતા. શત્રુઘ્ન સિન્હા બિહારી બાબુ હોઈ એ માદરે વતનની સીટ છોડવા નહોતા માગતા. ઘણી કશ્મકશને અંતે શત્રુઘ્ન સિન્હાને એ બેઠક પરથી જ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની પરવાનગી આપવી પડી હતી. મોદીના સુપર ઈગોને પકડારવાની ક્ષમતા ખુદ અડવાણી કે મુરલી મનોહર જોષી જેવા પાર્ટીના સંસ્થાપક સભ્યોમાં નથી રહી ત્યારે જે કંઈ યોગ્ય લાગે તે મોઢા પર અને મીડિયા સમક્ષ કહેવાની તાકાત જે વિરલ આગેવાનો ધરાવે છે એમાં યશવંત સિન્હા અને શત્રુઘ્ન સિન્હા ઉપરાંત અરુણ શૌરીનો સમાવેશ થઈ શકે. શત્રુઘ્ન સિન્હા તો પાર્ટીના સિમ્બોલ પર ચૂંટાયેલ સાંસદ છે - પેલા બે અગાઉ પાર્ટી સાથે સંકળાયેલા રહ્યા હતા પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી હવે તટસ્થ કે આઉટ સાઈડર ગણાય. શત્રુઘ્ન બિહારમાં લાલુ પ્રસાદ યાદવ સાથે પણ મધુર સંબંધો ધરાવે છે અને તૃણમૂલ કોંગ્રેસનાં ઝુઝારુ નેતા તથા કેન્દ્રની સામે ધરણાં કરી ઈતિહાસ રચનારાં મમતા બેનરજી સાથે પણ ધરોબો કેળવી શક્ય છે. ભારતીય જનતા પાર્ટીમાં રહીને તેઓ પાર્ટીને ટપારવાની અને મોદી-શાહની જુગલ જોડીની ટીકા કરવાની એક પણ તક જતી કરતા નથી. પાટી એવી અવઢવ અનુભવે છે કે આ સિનિયર બોલીવુડ સ્ટારને બારણું બતાવવું તો દૂર, એમને શૉ કૉઝ નોટિસ સુધ્ધાં આપણી શકતી નથી. આજે પ્રગટ થનારી વિશિષ્ટ આત્મકથામાં શત્રુઘ્ન સિન્હાએ જે પાર્ટીની પાયાની ઈંટ તરીકે પુરાઈ જઈ એને રાષ્ટ્રવ્યાપી ઓળખ અપાવવા સ્ટાર પ્રચારક તરીકે જહેમત ઉઠાવી હતી એના વિકાસ અને વિનાશની બેવડી કથા આલેખી હશે, જે બરાબર ૨૦૧૯ની ચૂંટણી પૂર્વે જે બજારમાં મુકાતાં વર્તમાન ભાજપ નેતાગીરી માટે ઘણી મુશ્કેલીઓ સરજી શકે છે. એમણે જાતે જ કેટલીક અંતરંગ બાબતો જાહેર કરી છે એમાં પાર્ટીએ એમને નવી દિલ્હીની લોકસભાની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર રાજેશ ખન્ના વિરુદ્ધ બળજબરી પૂર્વક ઉતાર્યા અને એમાં પોતે હારી ગયા ત્યારે થયેલી અપાર વ્યથાનું વર્ણન છે.

શત્રુઘ્ન સિન્હાને રાજેશ ખન્ના સામે ચૂંટણી લડવાની ધરાર ઈચ્છા નહીં હોવા છતાં અડવાણીનો આદેશ માની તેઓ સંમત થયા હતા અને હાર્યા હતા. એ હારનું દુઃખ એમણે આત્મકથામાં સવિસ્તાર વર્ણવ્યું છે. હારી ગયા પછી પાર્ટીએ એમને સાઈડલાઈન કરી દીધા હતા એ હજી સુધી ભૂલી શક્યા નથી. શત્રુઘ્ન સિન્હા ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લાડીલા પ્રતિનિધિ છે. પટના સાહિબ બેઠક પર આ વખતે એમને પાર્ટી ટિકિટ મળવાની સંભાવના નહીંવત જ છે. પરંતુ શત્રુઘ્ન થોડા 'ખામોશ' રહેશે ? એમને ખભે ઊંચકવા લાલુ પ્રસાદ યાદવની રાષ્ટ્રીય જનતા દળ સહિતની ઘણી પાર્ટીઓ તૈયાર છે. મમતા બેનરજી સામે મોરચો માંડવાની કેન્દ્ર સરકારની નીતિને એમણે આકરી ટીકા કરી છે અને વિપક્ષી મહાગઠબંધનના મમતા પ્રેરિત સ્વપ્નને સાકાર કરવામાં પણ એમની મહત્ત્વની ભૂમિકા રહેવાની જ છે. ભાજપ માટે શત્રુઘ્ન શત્રુપાઠ ભજવી રહ્યા છે છતાં ભાજપ એમને 'રૂક જાઓ' સુધ્ધાં કહી નથી શકતું એ જ શું સૂચક નથી ?

# આપણે અંત સુધી હિંમત હારવી જોઈએ નહીં



**નવાં કલેવર**
નટવર હેડાઉ

અમીન મરચન્ટ નેવીનાં ચીફ એન્જીનીયર છે. એક વાર વહાણ સમુદ્રમાં પોતાના ગંતવ્યની તરફ આગળ વધી રહ્યું હતું. તે વખતે અમિત ગભરાયેલા એન્જીન રૂમની બહાર આવ્યા. અને તેમણે કેપ્ટન નરેન્દ્રને કહ્યું, 'કેપ્ટન સાહેબ, આપણા વહાણનું એન્જીન કામ કરતું નથી. હું મારા સ્ટાફની સાથે કયારનો તેને દૂર કરવાની કોશિશ કરું છું. પરંતુ એન્જીન ચાલુ થતુ નથી. આ વહાણ હવે ભગવાનને ભરોસે ચાલી રહ્યું છે. સમુદ્રના મોંજા તેને જે દિશામાં લઈ જાય તે દિશામાં તે ફંટાઈ રહ્યું છે. વહાણ પર હવે આપણું કોઈ નિયંત્રણ નથી. જો વચ્ચે કોઈ મોટો ખડકનો પથ્થર કે પહોળી શીલા આવી ગઈ તો તેનાથી ટકરાઈને તે ડૂબી પણ શકે છે. આપણે સમુદ્રની બિલકુલ વચ્ચે છીએ. કંપનીને આ વાતની જાણ કરી દઈએ છીએ. પરંતુ એટલી જલ્દી મદદ મળી જાય એવી કોઈ સંભાવના જણાતી નથી. નજીકમાં કોઈ પોર્ટ (બંદર) પણ નથી.' હવે શું કરીશું?

કેપ્ટન પણ એંન્જિન બંધ થઈ ગયું છે એ વાત જાણી બેબાકળા થઈ ગયા. તેમણે ચિંતિત સ્વરે કહ્યું, 'હવે આપણે આપણા સ્ટાફનું વહાણનું એંન્જિન બંધ થઈ ગયાની વાત જણાવી દેવી જોઈએ. સૌ પોતપોતાની લાઈફ જૅકેટ પહેરી તૈયાર રહે. આમ પણ આપણે અત્યારે સમુદ્રની વચ્ચોવચ્ચ છીએ.અહીંથી લાઈફ જેકેટને સહારે એટલે દૂર સુધી કઈ રીતે જઈશું ?' કેમ કે જયારે વહાણ ડૂબે છે ત્યારે પોતાની આસપાસના બહુ મોટા વિસ્તારમાં જે પણ નાની હોડીઓ કે બોટ હોય તેમને પણ સાથે લઈ ડૂબે જો. આપણો સ્ટાફ એ ડૂબના વિસ્તારની બહાર નીકળી જાય તો સારું નહીંતર અનર્થ થઈ શકે છે.'

વહાણના સ્ટાફને જયારે એન્જીન બંધ થવાની જાણ થઈ તો અમુક કર્મચારીઓ રડવા જેવા થઈ ગયા. કેટલાક માથું પકડીને બેસી ગયા. તે સમયે અમિત સ્ટાફ પાસે પહોંચ્યા અને કર્મચારીઓને સમજાવતા કહ્યું.

'આપણે છેલ્લે સુધી હિંમત હારવી જોઈએ નહીં. મોત ભલે આપણા સામે ઊભું હોય. તેની સામે આપણે લડવાનું પણ છે અને જીતવાનં પણ છે. હમણાં તમે સૌ શાંતિથી બેસીને પોત પોતાના ઈસ્ટ દેવનું સ્મરણ કરો. એ જ આ મુસીબતમાંથી આપણને બહાર કાઢશે. હું ફરી એન્જિન રૂમમાં જઈ બંધ એન્જીનને ચાલુ કરવાની કોશિશ કરું છું. તમે સૌ મળી ઈશ્વરને પ્રાર્થના કરો. મેં એવું સાંભળ્યું છે કે પ્રાર્થનામાં બહુ શક્તિ હોય છે.'

આટલું કહીને અમિત મરચન્ટ એંન્જિન રૂમમાં ચાલ્યા ગયા. આખો સ્ટાફ પોતપોતાના ઈશ્ટ દેવને યાદ કરી રહ્યો હતો. આ રીતે પાંચ - છ દિવસો વીતી ગયા. ન તો રાતે કોઈને નિંદન આવતી હતી. કે ન તો ભૂખ તરત લાગતી હતી. સૌ કોઈ બેચેની અનુભવી રહ્યા હતા. વહાણ સમુદ્રમાં ઉછળતાં મોજાની સાથે હાલકડોલક થતું. દિશાહીન આગળ વધી રહ્યું હતું. અમિત મરચન્ટ વારંવાર એન્જિન રૂમમાંથી અવરજવર કરી રહ્યા હતા. તેવામાં છઠ્ઠા દિવસે તે એન્જિન રૂમમાંથી લગભગ દોડતા હોય તેમ આવ્યા. તેમને આવીને સ્ટાફને કહ્યું.

'ઈશ્વર કૃપાથી બંધ પડેલું એંન્જિન આપોઆફ ચાલુ થઈ ગયું છે. હવે ગભરાવાનો કોઈ પણ પ્રશ્ન નથી. તેથી સૌ સાથે મળી પરમ પિતા પરમેશ્વરનો આભાર માન્યો કે આપની કૃપાથી અમે સૌ કુશળ છીએ.'

કેપ્ટન નરેન્દ્ર એ અમિત મરચન્ટને શાબાશી આપી. વહાણ હવે સાચ્ચી દિશા તરફ આગળ વધશે.

# અપેક્ષાશૂન્ય સંબંધો અંતે વ્યવહારશૂન્ય સંબંધો બની જતાં હોય છે



**આવો જીવીએ શાનદાર**
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

કડકડતી ઠંડીની એક સાંજ હતી. નગર આખું ટુંટીયું વાળીને બેઠું હતું. એ સમયે એ નગરના રાજા નગરચર્યા કરીને પોતાના મહેલ તરફ જઈ રહ્યા હતા ત્યારે પોતાના મહેલના દરવાજાની પાસે રાજાએ એક વૃધ્ધ ભિખારીને બેઠેલો જોયો. ભિખારી એકદમ ચીંથરેહાલ હતો અને કડકડતી ઠંડીમાં ટૂટીયું વાળીને બેઠો હતો. હાડ થીજવી નાંખે એવી ઠંડીમાં ભિખારીની દયનીય હાલત જોઈને રાજાએ ભિખારીને પૂછ્યું; "તારા શરીર ઉપર કોઈજ પ્રકારના ગરમ કપડાં નથી તો તને ઠંડી નથી લાગતી? આમને આમ જ રહીશ તો આ કાતિલ ઠંડીમાં મરી જઈશ" ભિખારીએ ખૂબ જ વિવેકથી રાજાને પ્રત્યુતર આપ્યો "મહારાજ, મારી પાસે કોઈ જ પ્રકારના ગરમ કપડાં હોય તો પહેરું ને? આમ ને આમ પણ છેલ્લા કેટલાયે વર્ષોથી આ જ હાલતમાં છું તેથી મારા શરીરને આ પ્રકારની કાતિલ ઠંડીની આદત પડી ગઈ છે."

ભિખારીનો પ્રત્યુતર સાંભળી રાજાને દયા આવી અને આશ્વાસન આપતા રાજાએ કહયું કે થોડીવાર રાહ જો. મહેલમાં જઈને હું તને ગરમ કપડાં મોકલવાની વ્યવસ્થા કરું છું. રાજાના આશ્વાસનથી ભિખારી ખૂબ રાજી થયો અને તેનો આભર માન્યો.

રાજા મહેલમાં ગયા અને રાજાએ આપેલા વચન પ્રમાણે ભિખારી ગરમ કપડાંની અપેક્ષાએ ઠંડીમાં ધ્રૂજતો રાહ જોતો રહ્યો.

રાજા મહેલમાં પહોંચ્યા પછી પોતાના કોઈ કામમાં વ્યસ્ત થઈ ગયા એટલે ભિખારીને પોતે આપેલા વચનને ભૂલી ગયા.

બીજે દિવસે સવારે રાજાના સૈનિકોને મહેલની બહાર ઠંડીમાં થીજી ગયેલા મૃત ભિખારીની લાશ મળી. એ મૃત ભિખારીના શબની પાસે ભિખારીએ લખેલી એક ચબરખી પણ પડી હતી અને તેમાં લખ્યું હતું. "મહારાજ, છેલ્લા કેટલાયે વર્ષોથી કાતિલ ઠંડીમાં જીવવા માટે હું ટેવાઈ ગયો હતો. આપે મને ગરમ કપડાં આપવાનું વચન આપ્યું અને મને અપેક્ષાઓ જાગી. ગરમ કપડાને સહારે ઠંડીથી બચવાની મારી અપેક્ષાને કારણે કાતિલ અને હાડ થીજવી નાંખે એવી ઠંડી જીરવવાની મારી શકિત હણાઈ ગઈ. આભાર."

આપણે કુટુંબીજનો, સ્નેહીજનો, મિત્રો, સહકર્મચારીઓ પાસેથી જ્યારે આપણે અપેક્ષાઓ રાખીએ અને પછી જ્યારે આપણે તેના ઉપર અવલંબિત કે આધારિત થઈ જઈએ છીએ ત્યારે આપણી કેટલીક શક્તિઓ હણાઈ જાય છે. આપણે કદાચ કમજોર થઈ જઈએ છીએ. એ કમજોરીને કારણે આપણને કેટલું નુકશાન થઈ જાય છે એની કોઈ જ ગણતરી કરી શકતી નથી. આપણી એ અપેક્ષો જ્યારે પૂરી નથી થતી ત્યારે આપણે ભાંગી પાડીએ છીએ અને દુઃખી પણ થઈએ છીએ.

માનવીય સંબધો વિશેના નિષ્ણાતો એવી સલાહ આપે છે કે પ્રેમ અને સ્નેહમાં સ્નેહીજન પાસેથી ક્યારેય કોઈ જ પ્રકારની અપેક્ષા રાખવી નહીં કારણ કે અપેક્ષા રાખીએ અને પછી જો તે પૂરી ના થાય તો આપણને તીવ્ર વેદના થાય છે.

આ પ્રકારની સલાહ સામે અપેક્ષાઓ ન રાખવા વિષે આપણે બીજા દ્રષ્ટિકોણથી વિચાર કરીએ. કોઈપણ પ્રકારની પરસ્પરની અપેક્ષા વિના માનવીય સંબંધો વિકસી શકે? અપેક્ષાઓ પૂરી કર્યા વિના માનવીય સંબધો ટકી શકે ખરા? પ્રેમ કે સ્નેહ જો અપેક્ષાશૂન્ય જ હોય તો એ સંબધોનું મહત્વ શું? અપેક્ષાશૂન્ય સંબધોમાં કોઈપણ પ્રકારના વ્યવહારો શક્ય બને ખરા ? જે સંબધો જ વ્યવહારશૂન્ય બની જાય તો એ સંબધો કેવી રીતે વિકાસી શકે અને કેવી રીતે ટકી શકે ?

માનવીય સંબધોમાં એકબીજા પ્રત્યેની પરસ્પર અપેક્ષાઓ અને તેના થકી થતાં પારસ્પરિક વ્યવહારોને કારણે જ બંને વ્યકિતઓ એકબીજાની વધુ નજીક આવતી હોય છે. પરસ્પર વ્યવહારો અને પૂરી થતી અપેક્ષાઓ થકી બંનેના સંબંધો ધીમે ધીમે ગાઢ બનતા હોય છે. આમ, જ્યાં પ્રેમ અને સ્નેહ હોય ત્યાં અપેક્ષાઓ તો હોય જ અને તેના થકી જ સંબધો જીવંત રહેતા હોય છે. માનવીય સંબધોમાં બંને વ્યકિતઓને પરસ્પર અપેક્ષા રાખવાનો સંપૂર્ણ અધિકાર છે અને એ અપેક્ષાઓ પૂરી કરવી એ બંનેની ફરજ પણ છે.

અપેક્ષા રાખનાર વ્યકિત કેટલીકવાર એવું જાણતી જ હોય છે કે પોતાની અપેક્ષાઓ પૂરી કરવા માટે પોતાના સ્નેહીજન જરાપણ શકિતમાન નથી છતાં પણ વ્યકિત તેની પાસે અપેક્ષા રાખે છે. આ પ્રકારની અપેક્ષાઓ જ્યારે પૂરી નથી થતી ત્યારે અપેક્ષા રાખનાર વ્યક્તિ દુઃખી પણ થતી હોય છે. પોતાના સ્નેહીજનને તેના માટે દોષ પણ દેતી હોય છે. વ્યકિત જ્યારે કોઈપણ પ્રકારની અપેક્ષા રાખે ત્યારે એ જાણવું જરૂરી છે કે જે સ્નેહીજન પાસેથી તે અપેક્ષા રાખે એ છે સ્નેહીજન પોતાની અપેક્ષાઓ પૂરી કરવા માટે શક્તિમાન છે કે નહીં. સ્નેહીજન પોતાના ગજા બહારની કોઈપણ અપેક્ષાઓ ક્યારેય પૂરી ના કરી શકે અને એવી અપેક્ષાઓ રાખવી પણ ના જોઈએ. સ્નેહીજન પણ પોતાની પછેડી હોય એવડી જ સોડ તાણી શકે.

ક્યારેક એનાથી ઊલટું પણ બનતું હોય છે. વ્યકિત પોતાની અપેક્ષાઓ વ્યક્ત ના કરતી હોય તેની પાછળનું કારણ સ્નેહીજન પ્રત્યે અતિ પ્રેમ હોય. અપેક્ષા રાખનારને એક ભય હોય કે પોતે જો પોતાની અપેક્ષાઓ વ્યકત કરશે તો સંબંધિત વ્યક્તિ ગમે તે ભોગે, અંગત અસુવિધાઓ અને મુશ્કેલીઓ છતાં અપેક્ષાઓ પૂરી કરવા પ્રયત્ન કરશે. એ સમયે સ્નેહીજનને તકલીફ ન આપવાના હેતુથી જ અપેક્ષા વ્યકત કરવાનું ટાળવામાં આવતું હોય છે, બલ્કે પોતાની અપેક્ષાઓનો સ્નેહીજનને અંદેશો પણ ના આવે તેની કાળજી રાખવામા આવતી હોય છે.

(ક્રમશઃ)



## થોટ

નટવર આહલપરા

### અસંતોષ

'સંતોષી નર સદા સુખી' કહેવત છે પણ અસંતોષીઓનો અસંતોષ ઠેર-ઠેર જોવા મળે છે. અસંતોષ માટે ધીરા ભગત કહે છે કે,

આ જગત નાટ્યશાળા સૌ પાત્ર છે નિરાળા;
સૌ પાઠ ભજવનારા, બધી અસંતોષની બિમારી.

અસંતોષ માણસને કોરી ખાય છે. ભૌતિક સુખનો અસંતોષ શાંતિ લેવા દેતો નથી. અસંતોષમાંથી ઈર્ષા જન્મે છે. અસંતોષની આગ જેમ જેમ પ્રજ્જવલિત થાય છે તેમ તેમ માણસ અશાંત થઈ જાય છે.

હા, વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઉજ્જવળ પરિણામ મેળવવા અસંતોષ જરૂરી છે પણ વૃદ્ધાવસ્થાએ પહોંચેલા વૃદ્ધોને અસંતોષ નહીં હોવો જોઈએ. તેઓએ સંતોષની અનુભૂતિ કરવી જોઈએ. અસંતોષ દૂર કરવા માણસ ખોટું કરતા અચકાતો નથી. નોકર-ચાકર, ગાડી-બંગલા, સુખવૈભવ પ્રાપ્ત થયાં પછી પણ અસંતોષ માનવીનો પીછો છોડતો નથી.

અસંતોષથી તાણ વધે છે અને માનવી લક્ષ્ય સુધી પહોંચવા ભયંકર બિમારીમાં સપડાય છે. કેટલાંક લોકો પોતાનો અસંતોષ અન્ય ઉપર લાદી કડવાશ વ્હોરી લે છે. અસંતોષની અસર માણસના ગુસ્સો કરે છે. અરે ! કોઈનું અપમાન પણ કરે છે. અસંતોષથી બચવા માણસે શાંતિ ચિત્તે વિચારવું જોઈએ.

# દીવા તળે અંધારૂ હોય એટલે તો સૂરજ રોજ ઊગે છે!



**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પ્રતિદિન આજની દુનિયામાં અરૂચિકર, વેદનાકારી તથા નકારાત્મકત ઊર્જા કે ઘટનાઓ સતત્ વધતા જ જાય છે અને માણસ સવારમાં જાગે અને જાગે ત્યારે માત્ર અફસોસ અને ગમગીની ભર્યું વાતાવરણ હોય તેવો અહેસાસ તાય છે. મન ને ગમે કે ચિત્તને પ્રસન્નતા આપે તેવી બાબતો શોધવા જવી પડે એ દિવસો કઈ ચીજની પ્રતીતિ કરાવે છે? માનવ એ સભ્ય સમાજનો હિસ્સો હોવા છતાં એ ખુદ ચીમળાયેલો, કરમાયેલો, હડશેલાયેલો થતો જાય છે કારણ કે ઘરમાં કે બહારના વિશ્વમાં માત્ર ભૌતિકવાદ અને ભોગવાદ વિસ્તૃત થઈ રહ્યો છે અને પોતાના હિસ્સામાં જે મળે છે તે જરા પણ સંતોષ પેદા કરનારું નથી તેવું માનવામાં આવે તે વાસ્તવિકતાની તુલનામાં જોઈએ તો કદાચ સાચું પણ લાગે. ઈશ્વર તો પરમ કૃપાળુ ઉદાર અને ન્યાયી છે પરંતુ માનવ આયોજન, વર્તન, વ્યવહારમાં પુષ્કળ ભેદ અને પૂર્વાગ્રહો ભરેલા છે જેમાં વૃદ્ધિ થતી જ જાય છે છેવટે પૂરા રાષ્ટ્રને દુઃખના દરિયામાં ધક્કો મારે છે! શ્રદ્ધાવાન કે આસ્તિકો પણ હવે પોતાની માન્યતા કે વિચારધારામાંથી નીકળતા જાય છે તે લોકો પણ હવે શક્તિમાંથી શૂન્યતા તરફ ગતિ કરવા લાગ્યા છે. માનવ સ્વયંની શક્તિને જાણતો નથી, પામતો નથી કે એના માટે કંઈક કરવા માંગતો નથી. જીવનમાં બધુ જ પરિવર્તન ને આધિન છે એટલે ભૂતકાળ જે કંઈ ગયો તેને યાદ કરી કરીને કશું પામવાનું નથી છતાં ભવિષ્ય પણ સુધારી શકવાના સમયને નિરર્થક જવા દઈએ છીએ. જીવનના પહાડને આપણે ઉપાડતા થયા ત્યાં જ ભૂલ છે તેને ઓળંગવાના હોય અને સરળતા કેમ થાય તે વિશે વિચારતા નથી. પ્રકૃતિની પાસે વિપુલ બક્ષીસો સામે મળતી રહે છે તે જોવાની દૃષ્ટિ પણ લુપ્ત થઈ છે. બધુ આર્થિક રીતે મૂલવાયા કરે તો પછી માનવ મલ્યો ધરતી નીચે દબાઈ જાય તે જીવન ઝેર બને !!

કૃષ્ણ જેવો સમર્થ સારથી મળે પરંતુ અર્જુન જેવી જીવન જીવવાની તત્પરતા તો પૂર્વશરત સહજ હોય છે! ઈશ્વરના અવતારોમાં પણ ઘણાને જીવનમાં વેદનાઓ જ વિપુલ મળી હતી છતાં એ વિશ્વ સમક્ષ ખુદનો જીવન આદર્શ રજૂ કર્યો. આધુનિક ડીજીટલ યુગની વતા કરીએ તો વ્યક્તિ ખુદ માટે પણ પર્યાપ્ત રહ્યો નથી અને સમાજ માટે એ લડાઈ લડવા આગળ વધી રહ્યો છે ! ડિગ્રી હવે જોબ આપશે તેવી કોઈ અપેક્ષા રાખી શકાય તેમ નથી. બેરોજગારી સતત વધતી જવાની છે. આર્થિક અસમાનતા વધુ પહોળી થતી રહી છે એટલે દરેક ઘરમાં 'ઘર' રહ્યું નથી. વસ્તી વૃદ્ધિ બધા જ પ્રશ્નોનું મૂળ છે એ હજી સમજાયું નથી. ઝાકળઝોળની દુનિયા નીચે ભયાનક અંધારું, શોષણ, રૂદન, નિસાસા અને અશ્રુઓ છે તે કોઈ જોવાનું પસંદ પણ કરતા નથી. દીવા તળે હંમેશા અંધકાર હોય છે માટે તો રોજ સૂરજ ઉગે છે! સમાજના વિવિધ વર્ગો ઘણી બધી બાબતે પરેશાન છે જેના પાયામાં આર્થિક કારણો જ વધુ જોવા મળે છે છતાં એ નોંધપાત્ર બાબત છે કે બધુ જ સરકાર કરી આપે એ શક્ય પણ હોતું નથી. દરેકે શ્રદ્ધાથી પરિશ્રમ કરી પરિણામ ઈશ્વર સામે છોડવું ઈષ્ટ લાગે છે એનું કારણ કર્મનો સિદ્ધાંત છે. સૂર્યને નિરાશન થવાનું કે નકારાત્મક થવાનું પોષાય તેમ નથી. દરેક પરિવારનાં મુખ્ય વ્યક્તિઓને આ શૅર દ્વારા ઘણું કહેવાયું છે -

મારા પડછાયામાં પતંગિયું સૂતું છે
બળબળતો તાપ છોડીને છાંયડે કેમ જાઉં?

અંધકાર પણ જીવન સફરની અનિવાર્ય બાબતો પૈકીની એક છે તો પ્રકાશ પણ હંમેશા પામવાનો હોય છે મહત્ત્વ છે સ્વયં ને પ્રકાશિત કરવાના પ્રયાસોનું જેમાં ઘણીવાર માબાપ તો કદીક ગુરુ અવશ્ય યોગદાન આપે છે. અંધકાર માત્ર સ્થૂળ હોતો નથી એટલે જ્ઞાનનો વિજળી જેવો ચમકારો કેટલીય વાર જીવનને રોશનીથી ભરી દે છે. આ ભાવ વિશ્વની વાત છે ત્યાં ભાવ-તાલ ને કોઈ અવકાશ હોતો નથી. જે વધુ સમજે તે વધુ સંવેદના અનુભવે અને પ્રકાશ પુંજ ત્યાંથી જ સર્જાય છે.

આધુનિક યુગમાં આશ્ચર્ય તો એ છે કે દીવડાઓ ખુબ છતાં પ્રકાશ કમ અને અંધકાર વ્યાપક છે જે વ્યક્તિ રસ્તામાં, બસમાં, બજારમાં, સફરમાં મળે એ અતિ મજાની, આદર્શની, સમજણવાળી વાતો કરે છે પરંતુ એ જ વ્યક્તિ જયારે નોકરીની જગ્યાએ જઈને ખુરશીમાં બેસે કે તુર્ત જ બદલાય, તેની ભાષા, વર્તન, વિચાર વગેરેમાં બદલાવ આવી જાય છે!! શા માટે આવું ? સત્તાની શક્તિ અને સમય નક્કી હોય છે કે પછી આ પ્રકારની વ્યક્તિઓ ને કોઈ રામ રામ કરતું નથી કેમ કે ઈન્સાનિયત ધર્મમાં એ નિષ્ફળ રહી જાય છે. રામ મંદિર બને એ સારી જ બાબત છે પણ એ માટે જાહેરમાં જા વાણીવિલાસ થાય છે એ ખરો અહંકાર છે. એક સુંદર શૅર છે સમજવા જેવો -

સોચકર યહી મંદિર મસ્જિદ ભી દંગ હૈ
કિ હમે ખબર ભી નહીં ઔર હમારી જંગ હૈ

માણસ માત્રની આજે રોજ કસોટી થઈ રહી છે જેના દિલમાં શ્રદ્ધા દયા કરુણાના પુષ્પો છે તેની પાસે ઈશ્વરની દિવ્ય શક્તિ સુગંધ લઈને અવશ્ય જાય છે, સૂર્ય ત્યાં જાય છે! લોકો બધા સત્તા સામે અંતે લાચાર હોય ત્યારે વાસ્તવમાં વિકાસલક્ષી કાર્યો આગળ વધે તો બદાં અજંપાનો સાચો નિવેડો આવતો હોય છે. આર્થિક અનુશાસનમાં ગરીબો દંડાય નહીં એ ખ્યાલ રાખવામાં આવે તો પ્રકાશ રેલાય છે. આર્થિક સામાજિક ન્યાયમાં અતિ સાવધાની લેવી જરૂરી છે. સૂર્યોદય તો જ સાર્થક થાય જો આપણા અંતઃકરણમાં પ્રકાશ પહોંચે.

**શેર આસ્વાદ :**

**ઓસ કી બુંદ સા હૈ જિંદગી કા સફર**
**કભી ફુલ તો કભી ધૂલ મેં....!!**